પ્રસાર ભારતી

સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date: 29-11-2026 **Midday: 1.20 TO 1.30**
Day: SUNDAY **National News**

આકાશવાણી સમાચાર **ચૈતાલી જોશી** વાંચે છે.

****

1. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે મન કી બાત કાર્યક્રમમાં કહ્યું કે , દેશભરમાં ડ્રગ્સના દુરૂપયોગ સામે સમાજની સક્રિય ભાગીદારી વધી રહી છે.
2. પ્રધાનમંત્રીએ કહ્યું કે, ગુજરાતના વડનગરના સંગ્રહાલયને મળેલા રેડ ડોટ : બેસ્ટ ઓફ ધ બેસ્ટ એવોર્ડ પ્રાપ્ત થયો.
3. કચ્છમાં ઉપયોગમાં લેવાતા ઉંટના દૂધને પ્રધાનમંત્રીએ આરોગ્યપ્રદ ગણાવીને તેના ફાયદા વર્ણવ્યાં.
4. ઝારખંડમાં માર્ગ અકસ્માતમાં ચાર બાળકો સહીત 13નાં મોત
5. અમેરિકાના લોસ એન્જલસ વિસ્તારમાં 5.0ની તીવ્રતાનો ભૂકંપ
6. ક્રાઇસ્ટચર્ચ ખાતેની બીજી ટેસ્ટમાં ઇજાગ્રસ્ત ભારતીય બોલર આકાશ દિપના વિકલ્પ તરીકે પ્રસિદ્ધ કૃષ્ણાને ટીમમાં સામેલ કરાયો.

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો...

MAN KI BAAT - 1

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે ભાર મૂક્યો હતો કે , દેશભરમાં ડ્રગ્સના દુરૂપયોગ સામે સમાજની સક્રિય ભાગીદારી વધી રહી છે અને નશા મુક્ત યુવા અભિયાન પણ પૂરજોશમાં ચાલી રહ્યું છે.

આકાશવાણી પર મન કી બાત કાર્યક્રમમાં પોતાના વિચારો રજૂ કરતા શ્રી મોદીએ કહ્યું કે આજે વિશ્વભરમાં ભારતના યુવાનોની પ્રતિભાની ચર્ચા થઈ રહી છે અને તેઓ વિશાળ સપના જોઈ રહ્યા છે અને તે સપનાઓને વાસ્તવિકતામાં ફેરવવા માટે તેમની તમામ શક્તિથી કાર્યરત છે.

જોકે, તેમણે કહ્યું કે ડ્રગ્સનું વ્યસન તેમની આકાંક્ષાઓ માટે એક મોટો પડકાર બનીને ઉભરી આવ્યું છે.

BYTE: MKB-PM-NASHA MUKT ABHIYAN

કાર્યક્રમ દરમિયાન, પ્રધાનમંત્રીએ એક એવા યુવા સાથે વાતચીત કરી તે કઇ રીતે પોતાની ઇચ્છાશક્તિ દ્વારા મુશ્કેલ પરિસ્થિતિઓનો સામનો કરીને વ્યસન મુક્ત બન્યો.

BYTE: MKB-PM-YOUTH TALK

MAN KI BAAT - 2

ડિજિટલ પ્લેટફોર્મ iGOT કર્મયોગીનો ઉલ્લેખ કરતા શ્રી મોદીએ કહ્યું કે , દેશભરમાં લાખો સરકારી કર્મચારીઓ કંઈક નવું શીખવા માટે ખૂબ ઉત્સાહ દર્શાવી રહ્યા છે.

BYTE: MKB-PM -KARMAYOGI

અન્ય એક ડિજિટલ પ્લેટફોર્મ , સંચાર સાથી વિશે બોલતા , શ્રી મોદીએ માહિતી આપી કે, તે ખોવાયેલા મોબાઇલ ફોનને પુનઃપ્રાપ્ત કરવામાં ઉપયોગી રહ્યું છે. તેમણે કહ્યું, 'પોર્ટલને 30 કરોડથી વધુ વ્યુવ મળ્યાં છે , અને તેની એપ્લિકેશન લગભગ ત્રણ કરોડ વખત ડાઉનલોડ કરવામાં આવી છે. આ સિસ્ટમ દ્વારા , અત્યાર સુધીમાં પાંચ હજાર કરોડ રૂપિયાથી વધુના સંભવિત નુકસાનને અટકાવવામાં આવ્યું છે.

પ્રધાનમંત્રીએ કહ્યું કે , પટનામાં બિહાર મ્યુઝિયમ વિશ્વના 100 શ્રેષ્ઠ મ્યુઝિયમોની યાદીમાં 9મું સ્થાન મેળવ્યું છે. તેમણે કહ્યું કે , આ યાદીમાં બિહાર મ્યુઝિયમ એશિયામાં પ્રથમ ક્રમે છે.

શ્રી મોદીએ ભાર મૂક્યો કે , ભારતીય ગોળની મીઠાશ નવા બજારોમાં પહોંચી રહી છે. તેમણે કહ્યું કે તમિલનાડુના ઇરોડથી ઓર્ગેનિક પામીરા ગોળ પ્રથમ વખત યુરોપ પહોંચ્યો છે. પ્રધાનમંત્રીએ શિયાળાના સમય દરમિયાન વ્યાયામ કરવા પણ નાગરિકોને અપીલ કરી.

MAN KI BAAT GUJARAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ મન કી બાત કાર્યક્રમમાં ગુજરાતના વડનગરના 'અનંત અનાદિ વડનગર Archaeological મ્યુઝિયમ 'નો ઉલ્લેખ કરીને તેને બર્લિનમાં મળેલા દુનિયાના મોટા સન્માન 'રેડ ડોટ: બેસ્ટ ઓફ ધ બેસ્ટ એવોર્ડ ' વિશે વાત કરીને કહ્યુ કે , કાંચી કામકોટી પીઠના પૂજ્ય શંકરાચાર્યજીએ વડનગરને 'ગુજરાતની કાશી' તરીકે ઓળખ આપી હોવાનું જણાવ્યું હતું.

BYTE: PM ON VADNAGAR

ભારતની ચોકલેટ પણ દુનિયામાં પોતાની ખાસ ઓળખ બનાવી રહી છે તેમ જણાવીને શ્રી મોદીએ કહ્યું કે , ચોકલેટ અને ગુજરાતના કચ્છ વચ્ચે પણ એક જોડાણ છે.

ઊંટના દૂધથી બનેલી ચોકલેટનું અહીંના ઊંટપાલકો જે દૂધ ઉપલબ્ધ કરાવે છે, અમૂલ તેનો ઉપયોગ ચોકલેટ , કેસર-ફ્લેવર્ડ મિલ્ક અને રાજભોગ આઈસ્ક્રીમ બનાવવામાં પણ કરી રહ્યું છે, જે આરોગ્યપ્રદ હોવાનુ તેમણે જણાવ્યું હતું.

BYTE: PM ON KUTCH CAMEL MILK

આ કાર્યક્રમમાં તેમણે સુરતની શ્મિટન ચોકલેટને પણ આજે ભારતમાં બનેલી ઉમદા ચોકલેટ તરીકે દુનિયાભરમાં પોતાની ખાસ ઓળખ બનાવી રહી હોવાનો ઉલ્લેખ કર્યો હતો.

MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો.

આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

PM-BHUPEN HAZARIKA

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે નવી દિલ્હીમાં ડૉ. ભૂપેન હજારિકાના જન્મ શતાબ્દી ઉજવણીના સમાપન સમારોહમાં હાજરી આપશે. શ્રી મોદી આ પ્રસંગે સભાને સંબોધિત પણ કરશે.

ઉલ્લેખનીય છે કે , ડૉ. ભૂપેન હજારિકા એક મહાન ગાયક , સંગીતકાર, ગીતકાર, ફિલ્મ નિર્માતા અને લેખક હતા. તેમનો જન્મ 8 સપ્ટેમ્બર, 1926 ના રોજ આસામના સદિયામાં થયો હતો અને આસામના સાંસ્કૃતિક ઇતિહાસમાં તેમનું વિશેષ સ્થાન છે.

MANDAVIYA - FIT INDIA

કેન્દ્રીય યુવા બાબતો અને રમતગમત મંત્રી ડૉ. મનસુખ માંડવિયાએ પુણેના પિંપરી-ચિંચવડ સ્થિત મોશી ખાતે આયોજિત 'ફિટ ઈન્ડિયા સન્ડે ઓન સાયકલ ' પહેલના 100મા સંસ્કરણમાં કહ્યું કે , તંદુરસ્ત અને સ્વસ્થ ભારતનું લક્ષ્ય પ્રાપ્ત કરવામાં નાગરિકો અને યુવાનોની ભૂમિકા અત્યંત મહત્વપૂર્ણ છે.

ડૉ. માંડવિયાએ કહ્યું કે આ પહેલ જાહેર સ્વાસ્થ્યને પ્રોત્સાહન આપી રહી છે અને પ્રદૂષણ નિયંત્રણ અંગે જાગૃતિ ફેલાવી રહી છે.

JHARKHAND - ACCIDENT

ઝારખંડમાં, રામગઢ જિલ્લામાં આજે એક ઝડપી દોડતી કાર બીજા વાહન સાથે અથડાતા 13 લોકોના મોત થયા હતા. આ અકસ્માત રાંચી-પટણા હાઇવે પર પેનકી ગામ પાસે થયો હતો. તમામ મૃતકો બિહારના નાલંદા જિલ્લાના રહેવાસી હતા. મૃતકોમાં ચાર બાળકો, ચાર મહિલાઓ અને પાંચ પુરૂષનો સમાવેશ થાય છે.

આ અકસ્માતમાં થયેલી જાનહાનિ પર રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ શોક વ્યક્ત કર્યો છે.

સોશિયલ મીડિયા પોસ્ટમાં શ્રી મોદીએ આ દુઃખની ઘડીમાં શોકગ્રસ્ત પરિવારો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી છે. તેમણે આશા વ્યક્ત કરી છે કે ઘાયલો જલ્દી સ્વસ્થ થાય. પ્રધાનમંત્રીએ જાહેરાત કરી હતી કે પ્રધાનમંત્રી રાષ્ટ્રીય રાહત ભંડોળમાંથી જીવ ગુમાવનારા દરેકના નજીકના સંબંધીઓને બે લાખ રૂપિયાની સહાય આપવામાં આવશે. તેમણે કહ્યું કે, ઘાયલોને 50 હજાર રૂપિયા આપવામાં આવશે.

DISASTER MANAGAMENT

ઉત્તરાખંડના સિલ્ક્યારા ટનલમાં સફળ બચાવ કામગીરીની ત્રીજી વર્ષગાંઠ સાથે ગઈકાલે દેહરાદૂન ખાતે વિશ્વ આપત્તિ વ્યવસ્થાપન પરિષદ શરૂ થઈ. મુખ્યમંત્રી પુષ્કર સિંહ ધામીએ ત્રણ દિવસીય આંતરરાષ્ટ્રીય પરિષદનું ઉદ્ઘાટન કર્યું. શ્રી ધામીએ આ પરિષદને રાજ્યને આપત્તિ વ્યવસ્થાપન પર વૈશ્વિક ચર્ચા માટે એક મુખ્ય કેન્દ્ર ગણાવ્યું. તેમણે સિલ્ક્યારા ટનલમાં ફસાયેલા 41 કામદારોના બચાવને માનવતા, હિંમત અને સામૂહિક સંકલ્પ માટે ઐતિહાસિક વિજય ગણાવ્યો.

LOS ANGELES QUAKE

અમેરિકાના લોસ એન્જલસ વિસ્તારમાં **5.0**ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો , જેનાથી લોસ એન્જલસ આંતરરાષ્ટ્રીય એરપોર્ટની બારીઓ તૂટી ગઈ , દરિયાકાંઠાના થાંભલાઓ હચમચી ગયા અને શ્રેણીબદ્ધ આંચકા આવ્યા. ભારતીય સમય મુજબ રાત્રે **11** વાગ્યે મેનહટન બીચ નજીક ભૂકંપ આવ્યો. સવારે **11:41** વાગ્યે **4.5** ની તીવ્રતાનો આફ્ટરશોક આવ્યો.

કોઇ જાનહાનીના અહેવાલ નથી , સુનામીની કોઇ શક્યતા ન હોવાનું જાહેર કરાયું છે.

TAIWAN NUCLEAR REFERENDUM

તાઇવાનના મોટાભાગના મતદારોએ ગઇકાલે સ્થાનિક ચૂંટણીઓ સાથે યોજાયેલા લોકમતમાં ટાપુની પરમાણુ ઊર્જા પ્લાન્ટોને તબક્કાવાર બંધ કરવાની નીતિને રદ કરવાને ટેકો આપ્યો છે.

આ લોકમત વિપક્ષી રાષ્ટ્રવાદી પક્ષ દ્વારા શરૂ કરવામાં આવ્યો હતો.

IND-NZ AKASHDEEP CONCUSSION

ઝડપી બોલર આકાશ દીપને ઈજા થવાને કારણે ભારતને મોટો ફટકો પડ્યો. રમાઇ રહેલી બીજી ટેસ્ટમાંથી તે ઇજાને કારણે બહાર થઇ ગયો હતો. પ્રસિદ્ધ કૃષ્ણાને તેના વિકલ્પ તરીકે ટીમમાં સામેલ કરવામાં આવ્યો હતો.

પ્રથમ ઇનિંગમાં પાંચ વિકેટ લેનાર અને બેટથી 29 રનનું યોગદાન આપનાર આકાશ બેટિંગ કરતી વખતે તેના હેલ્મેટ પર બે વાર બોલ વાગ્યો હતો. જેને કારણે થયેલી ઇજાને કારણે તેને બહાર થવુ પડ્યું હતું. હવે ભારતના કોન્કશન અવેજી તરીકે બાકીની મેચ માટે આકાશનું સ્થાન લેશે.

IND vs NZ - DAY 3 END

ક્રાઇસ્ટચર્ચ ટેસ્ટ મેચના ત્રીજા દિવસના અંતે ન્યૂઝીલેન્ડ ત્રણ વિકેટે 133 રન બનાવતા હવે ભારત પર તેની સરસાઇ 243 પર પહોંચી ગઇ છે. ઓપનર ડેવોન કોનવેએ 97 બોલમાં 51 રન બનાવ્યા હતા , જ્યારે ભારતીય ઝડપી બોલર જસપ્રિત બુમરાહે બે વિકેટ લીધી હતી. રમત સમાપ્ત થઈ ત્યારે રચિન રવિન્દ્ર 46 રન સાથે ડેરીલ મિશેલ 5 રને ક્રિઝ પર હતા.